# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-03-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## લખપત દીદી સંમેલન

ગઇકાલે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગે નવસારી જિલ્લાનાં વાંસી બોરસીમાં આયોજિત લખપતિ દીદી સંમેલનમાં પ્રધાનમંત્રીએ જાહેરાત કરી કે, આગામી પાંચ વર્ષમાં ત્રણ કરોડ લખપતિ દીદી તૈયાર કરવાનું સરકારનું લક્ષ્ય છે.

મહિલાઓનાં સન્માનને વિકાસની પહેલી સીડી ગણાવતા તેમણે જણાવ્યું કે, તેમની સરકાર મહિલા સન્માનને પ્રાથમિકતા આપી રહી છે.

પ્રધાનમંત્રીએ આ સંમેલનમાં 25 હજારથી વધુ સ્વસહાય જૂથોની મહિલાઓને 450 કરોડ રૂપિયાની નાણાકીય સહાયનું વિતરણ કર્યું. પ્રધાનમંત્રીએ લખપતિ દીદી યોજનાનાં 10 લાભાર્થી સાથે સંવાદ કર્યો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દીકરીઓનાં ભણતર અને ગણતર માટે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને કારણે રાજ્યની મહિલાઓ લખપતિ દીદી બની છે.

**-----------------------------------------------------------------------------------------**

## જી-સફલ અને જી-મૈત્રી યોજના

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે નવસારી ખાતે મહિલાઓને આર્થિક રીતે સક્ષમ બનાવતી બે મહત્વપૂર્ણ યોજનાઓ **G-SAFAL** અને **G-MAITRI-** શરૂ કરાવી હતી. જી-મૈત્રી

યોજનાનો હેતુ ગ્રામીણ સ્ટાર્ટઅપ્સને આગળ વધારવા તેમજ ગ્રામીણ વિસ્તારોમાં અસરકારક ઉકેલો માટે સામાજિક સાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે.

---

## બજેટ સત્ર

સંસદનાં બજેટ સત્રનાં બીજા તબક્કાનો આવતીકાલથી પ્રારંભ થશે. ચોથી એપ્રિલ સુધી ચાલનાર સંસદનાં બજેટ સત્રમાં 20 બેઠકો યોજાશે.

આ સત્રમાં અનુદાન માટેની માંગણીઓના વિધેયક પર ચર્ચા અને મતદાન થશે. આ ઉપરાંત બેંકીગ કાયદા સુધારા વિધેયક, રેલ્વ સુધારા વિધેયક અને ત્રિભુવન સહકારી યુનિવર્સિટી વિધેયક અંગે ચર્ચા હાથ ધરાશે.

---

## એસટી નિગમ દ્વારા વધારાની બસોનું સંચાલન

હોળી ધુળેટીના તહેવારોને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમે ૧૦ થી ૧૬ માર્ચ સુધી વધારાની ૧૨૦૦ જેટલી બસો વડે કુલ ૭૧૦૦ જેટલી વધારાની ટ્રીપનું સંચાલન કરવાની જાહેરાત કરી છે.

એસ.ટી. નિગમની યાદીમાં જણાવાયું છે કે, અમદાવાદ , રાજકોટ, અમરેલી, જુનાગઢ, ભાવનગર અને ભુજથી ગોધરા , દાહોદ , ઝાલોદ, છોટાઉદેપુર સહિતની જગ્યાએ જવા માટે વધારાની બસો સંચાલિત કરવામાં આવશે. આ ઉપરાંત, ડાકોર અને દ્વારકા જવા માટે ૫૦૦ બસો દ્વારા ચાર હજાર જેટલી ટ્રીપો સંચાલિત કરાશે.

વધારાની બસો માટેનું એડવાન્સ અને કરન્ટ બુકિંગ ડેપો ખાતેથી તથા નિગમની વેબસાઈટ **www.gsrtc.in** અને મોબાઈલ એપ્લીકેશન પરથી કરી શકાશે.

---

## લોક અદાલત

જિલ્લાની તમામ અદાલતોમાં ગઇકાલે વર્ષની પ્રથમ રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ હતી. આ લોક અદાલતમાં 4915 પ્રી-લીટીગેશન કેસો, 948 સમાધાન લાયક કેસો અને 3897 સ્પેશિયલ મેજીસ્ટ્રીયલ સીટીંગના કેસોનો નિકાલ થયો હતો. કુલ 9760 કેસોનો ઉકેલ કરી 21 કરોડના ચૂકાદા આપવામાં આવ્યા હતા.

ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના મુખ્ય સંરક્ષકના માર્ગદર્શન હેઠળ તથા કચ્છના મુખ્ય જિલ્લા ન્યાયાધીશના માર્ગદર્શનમાં આ લોક અદાલત સફળતાપૂર્વક યોજાઈ હતી. તમામ તાલુકાઓ અને ફેમીલી કોર્ટમાં ન્યાયાધીશોએ લગ્ન સંબંધિત કેસો, ચેક બાઉન્સના કેસો, સિવિલ દાવાઓ અને વાહન અકસ્માત વળતરના કેસોમાં અગાઉથી સમાધાન પ્રક્રિયા હાથ ધરી હતી.

---------------------------------------------------------------------------------

## ક્રિકેટ

આંતર-રાષ્ટ્રીય ક્રિકેટ સમિતિ - **ICC** ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચ આજે દુબઈમાં ભારત અને ન્યૂ ઝિલૅન્ડ વચ્ચે રમાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારત તાજેતરની મેચમાં ટોચનું સ્થાન ધરાવે છે.

ઓસ્ટ્રેલિયાને ચાર વિકેટથી હરાવીને ભારતે ફાઇનલમાં જગ્યા બનાવી છે. ગત સપ્તાહે રમાયેલી ગૃપ સ્ટેજ મેચમાં, ભારતે ન્યૂ ઝિલૅન્ડ સામે 44 રનથી વિજય મેળવ્યો હતો. આ પહેલા બંને ટીમ મુંબઈમાં વર્ષ 2023ના **ICC** ક્રિકેટ વિશ્વકપની સેમિ-ફાઇનલમાં રમી હતી ત્યારે પણ ભારત 70 રનથી જીતી ગયું હતું.

જ્યારે ન્યૂ ઝિલેન્ડે છેલ્લે વર્ષ 2019માં માન્ચેસ્ટરમાં રમાયેલી **ICC** મેન્સ ક્રિકેટ વિશ્વકપની સેમિફાઇનલમાં ભારત સામે વિજય મેળવ્યો હતો.

---------------------------------------------------------------------------------

## હવામાન

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લામાં ભારે ગરમીની સંભાવનાને ધ્યાનમાં રાખીને યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે તમામ જિલ્લાઓનાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ત્રણ થી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધારાની શક્યતા વ્યક્ત કરી છે. છેલ્લાં 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન કચ્છના ભુજમાં 39.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

કંડલા એરપોર્ટ મથકે મહત્તમ ઉષ્ણાતામાન 36 ડિગ્રી નોંધાયું હતું. નલિયા ખાતે દિવસનું ઉષ્ણતામાન 35.2 જ્યારે રાત્રે 19.8 ડિગ્રી તો કંડલા બંદરે 35.3 મહત્તમ ઉષ્ણાતામાન નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------------